વાહન વ્યવહાર કમિશનરની કચેરી
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૬/૨, ગાંધીનગર
ફોન ૦૭૯-૨૩૨૫૧૩૬૩,૫૧૩૭૯
Email cotda201516@gmail.com

નં.એફ.એસ/ઈ-ચલણ/દસ્તાવેજો 15194 તા. -૦૭-૨૦૨૦

30 JUL 2020

પ્રતિ,
આર.ટી.ઓ/ એ.આર.ટી.ઓ
તમામ.

વિષય- ચેકીંગ દરમ્યાન બનાવેલ ચેકીંગ મેમો (ઈ-ચલણ) ની માંડવાળ પ્રક્રિયા બાબત.

સંદર્ભ –
૧) અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમંક: ડી.એ/ઈ-ચલણ/અમલીકરણ/૩૩૯૬ તા.૦૨-૦૬-૨૦૧૮
૨) અત્રેની કચેરીનો પત્રનં એફ.એસ/ચેકપોઈન્ટ/ અમલવારી/ ૮૭૬૮ તા.૨૬-૧૧-૨૦૧૯
૩) અત્રેની કચેરીનો પત્રનં આઈ.ટી./ઈ-ચલણ/કામગીરી/ ૯૪૪૩ તા.૧૮-૧૨-૨૦૧૯

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, હાલ રાજ્યમાં એન્ફોર્સમેન્ટની કામગીરી ઈ-ચલણ દ્વારા કરવામાં આવે છે. જ્યારે કોઈ ગુન્હાહિત વાહન રોડ ચેકીંગ દરમ્યાન પકડાય ત્યારે તેને ઈ-ચલણ ઈશ્યુ કરવામાં આવે છે અને તે ગુન્હા બાબતની માંડવાળ ફી વસુલ કરાય છે.

ઘણી વખત ચલણ/મેમો (મોટા ભાગના કિસ્સાઓમાં) જુની તારીખનાં હોય છે. તેવા કિસ્સામાં ઉપરોક્ત મેન્યુઅલ ચલણ ઈ-ચલણમાં આખરી કરતાં ચલણમાં ઉલ્લેખ કરેલ ગુન્હા સિવાયના પણ દસ્તાવેજો માંગવામાં આવે છે. તેની પૂર્તતા ન થતાં તમામ દસ્તાવેજોની સામે માંડવાળ ફી વસૂલ કરાય છે. જો માંડવાળ કરવામાં અરજદાર અને કચેરી વચ્ચે સહમતી નહીં સધાતા વાહનને લગતાં પોસ્ટ ટ્રાન્ઝેક્શન જેમ કે ફીટનેશ, ટ્રાન્સફર જેવા કાર્ય થતા નથી અને વાહન માલીકો દ્વારા આવા જૂના ચલણની માંડવાળ બાબતે કચેરીઓમાં અવારનવાર ઘર્ષણ ના કિસ્સઓ પણ અત્રેની કચેરીએ ધ્યાને આવેલ છે.

ઉપરોક્ત બાબતો ધ્યાને રાખતા પેન્ડિંગ મેન્યુઅલ ચલણ અને ટ્રાફીક પોલિસના ચલણને ઈ-ચલણમાં આખરી કરતી વખતે મેન્યુઅલ ચલણમાં દર્શાવેલ ગુન્હાઓ તથા ઉલ્લેખ કરેલ દસ્તાવેજો પરત્વે વેરીફીકેશન/ચકાસણી કરવાની થાય છે અને એ પૈકી જ માંડવાળ ફી વસૂલાત થાય તો બિનજરૂરી સમયનો વ્યય અટકશે અને ન્યાયોચિત રહેશે.

આથી, તમામ આર.ટી.ઓ/એ.આર.ટી.ઓ અને ચેકીંગ અધિકારીઓ દ્વારા તાત્કાલિક અસરથી ઉપર મુજબ અનુસરવામાં આવેલ પ્રક્રિયાનું પાલન કરવાનું અને સંબંધિત કર્મચારીઓ દ્વારા કરાવવાનું રહેશે.

નોંધ પર માન. કમિશનરશ્રીની સૂચના મુજબ.

અખિલ ગુજરાત ટ્રક ટ્રા એસોસિયેશન, અમદાવાદ
AGTTA
DATE : 30-07-2020
FILE NO : 19

ખાસ ફરજ પરના અધિકારી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:-</u>

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, (કૃષિ, ગ્રા.વિ અને વા.વ્ય) વાહનવ્યવહાર, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, (રાજયકક્ષા), વાહનવ્યવહાર, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રી, વાહન વ્યવહાર, બ્લોક નં.-૨, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u> જાણ સારૂ.

- કાર્યાલય મંત્રીશ્રી, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, ૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ.